**સંજેલીના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.સંજેલી**

**રે.દિ.મુ.નં.૦૨/૨૦૨૨**

વાદી : (૧) માનસિંગભાઈ ફતાભાઈ બારીયા,
(૨) સડીયાભાઈ ધુળાભાઈ બારીયા,
(૩) ભુરાભાઈ ધુળાભાઈ બારીયા,
તમામ રહે.હિરોલા,તા.સંજેલી,જી.દાહોદ.

**વિરૂધ્ધ.**

પ્રતિવાદી : **ગુજરનાર નાથાભાઈ ફતાભાઈ બારીયાના વારસદારો :-**

(૧) વિરસીંગભાઈ નાથાભાઈ બારીયા,
(૨) પપ્પુભાઈ નાથાભાઈ બારીયા,
(૩) રામાભાઈ નાથાભાઈ બારીયા,
(૪) વાલીબેન નાથાભાઈ બારીયા
(૫) મીનાબેન નાથાભાઈ બારીયા
(૬) લાલીબેન નાથાભાઈ બારીયાની વિધવા,
તમામ રહે.હિરોલા,તા.સંજેલી,જી.દાહોદ.

\-
**અરજ : વચગાળાનો મનાઈ હુકમ મેળવવા બાબત...**

---

**વાદીઓ તરફે : વિ.વ.શ્રી આર.બી.ભાવસાર**
**પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એન.એચ.સબરવાલ**

---

***-:: આંક-૫ લગત હુકમ ::-***

(૧) આ કામના વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે જાહેરાત તેમજ કાયમી મનાઈ હુકમ વિગેરે મેળવવા માટે કરેલ છે. દાવા સાથે આંક-૫ થી હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજી દીવાની કાર્યરીતિ અધિનિયમ આદેશ-૩૯, નિયમ-૧,૨ સાથે વાંચતા કલમ-૧૫૧ હેઠળ કરવામાં આવેલ છે.

(૨) વાદીઓના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે હિરોલા,તા.સંજેલી,જિ.દાહોદમાં આવેલા ખાતા નં.૨૪૮ થી રે.સ.નં.૪૭૭ (જુના રે.સ.નં.૭ પૈકી ૨) ક્ષેત્રફળ હે.૩.૧૬.૯૯ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીન અમો વાદી નં.૧ ની સ્વપાર્જીત અને વાદી નં.૨,૩ નાઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલ જેના ખુંટવર્ણન નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પુર્વે | :– | સંગાડા ભુંડાભાઈ તેરાભાઈની જમીનની હદવારે ... |
| પશ્ચિમે | :– | વૈસયા મારજણભાઈ ફતાભાઈની જમીનની હદવારે... |
| ઉતરે | :– | ભાભોર રમેશભાઈ ખેતાભાઈની જમીનની હદવારે... |
| દક્ષિણે | :– | નદીની હદવારે... |

(ઉપરોકત ખુંટવર્ણન વાળી જમીનને હવે પછી દાવાવાળી જમીન તરીકે સંબોધન કરીશુ).

સદરહું દાવાવાળી જમીન અમોને ગણોત હકકે મળેલ. સદર હિરોલા ગામના જાગીરદાર દેસાઈ માણેકલાલ બળદેવદાસ નામે ચાલતી જમીન ગણોતીયા તરીકે ધુળા લુંજા એટલે વાદી નં.૨,૩ ના પિતા જોખના લુંજા અને નં.૧ માનસીંગ ફતાને ગણોત હકકે મળેલ જેની રેવન્યુ રેકર્ડ નોંધ થયેલ છે, જે બાદ ગણોતીયા ધુળા લુંજા ગુજરી જતા તેમના વારસદાર તરીકે વાદી નં. ૨,૩ ના નામે વારસાઈ હકકે નોંધ નં.૨૦૬૨ થી નોંધાયેલા છે. આ સિવાય ગણોતીયા જોખનાભાઈ લુંજાભાઈ ગુજરી જતાં તેમના વારસદાર તરીકે મડીયાભાઈ જોખનાભાઈનુ નામ વારસાઈ હકકે નોંધ નં.૨૦૬૯ થી નોંધાયલ છે. આ મડીયાભાઈ જોખનાભાઈનાઓ બીન વારસ બીન ફરજંદ ગુજરી ગયેલ છે. તે જાહેર કરીએ છીએ પરંતુ રેવન્યુ રેકર્ડે તેમનું નામ ચાલુ છે, જેથી દાવાવાળી જમીનમાં અમો વાદીઓના કબજો ભોગવટો આવેલો છે. આ કામના પ્રતિવાદીઓ કે જેઓના દાવાવાળી જમીનમાં કોઈપણ જાતનો લાગભાગ કે હકક –હિસ્સો આવેલ નથી તેઓ નાથાભાઈ ફતાભાઈ બારીયા એટલે કે, વાદી નં.૧ ના ભાઈના વારસદારો છે તેઓની જમીનો અલગ ખાતા નં.૨૪૯ વાળી આવેલ છે. સદરહુ દાવાવાળી જમીન વાદી નં.૧ તથા વાદી નં.૨,૩ ના પિતાને કબુલાતના આધારે ગણોત હકકે મળેલ છે. તેજ રીતે નાથાભાઈ ફતાભાઈને પણ ગણોત હકકે અલગ જમીન મળેલ છે. આ દાવાવાળી જમીનમાં પુર્વ–પશ્ચિમ ઉભા હિસ્સા પડેલ છે. જેમાં નદી તરફનો હિસ્સો વાદી નં.૧ નો છે જયારે ભાભોર રમેશભાઈ ખેતાભાઈ તરફનો હિસ્સો વાદી નં.૨,૩ નો છે. મડીયાભાઈ જોખનાભાઈ જીવતા હતા તે સમયે આ જમીનની વચ્ચેનો ભાગ તેઓ ખેડતા હતા પરંતુ તેઓ બીન ફરજંદ ગુજરી જતા તેઓના હિસ્સાની જમીન વાદીઓ એ સરખા ભાગે વહેંચી લીધેલ છે. આ મડીયાભાઈ જોખનાભાઈનુ રહેવાનુ જૂનુ મકાન દાવાવાળી જમીનમાં આવેલ છે. દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે અમો વાદીઓના નામે ચાલે છે, જેમાં વર્ષો–વર્ષ અમો ખેતી કરી ઉપજ લેતા આવેલ છીએ. આ કામના પ્ર.વાદીઓ પૈસાપત્ર, જુથવાળા, રાજકીય વગ ધરાવતા માણસો છે અને તેઓ ધ્વારા મડીયાભાઈ જોખનાભાઈ ગુજરી ગયા બાદ પ્ર.વાદી નં.ર નાઓ ધ્વારા મડીયાભાઈએ અમોને દતક રાખેલ છે. જેથી, હુ તેમનો દત્તક પુત્ર છું અને મડીયાભાઈના ભાગની જમીન મારી છે, તે હું લેવાનો છુ. તેમ કહી બળજબરીથી દાવાવાળી જમીનમાનો અમારો કબજો પડાવી લેવાની પેરવીઓ કરી રહેલ છે અને આ પ્ર.વાદીઓ

એકબીજા સાથે મળી જઈ પ્ર.વાદી નં.ર નાઓના લાભ કરાવવાના ઈરાદે બળજબરીપુર્વક મડીયાભાઈના મકાનમાં ઘુસી ગયેલ છે અને તેનો આધાર લઈ દાવાવાળી જમીનમાં અમારો કબજો છે એવુ સાબીત કરવા માંગે છે. પ્ર.વાદીઓ ધ્વારા ખોટી રીતે દાવાવળી જમીનમાં ખોટો હકક ઉભો કરવા ગેરકાયદેસર પ્રવેશ કરી અમો વાદીઓના ખેતીના પાકને નુકશાન કરવાની ધમકીઓ આપી રહેલ છે અને અમારા વિરુધ્ધ પોલીસમાં ફરીયાદ કરીશ તો પણ તમારૂ કાંઈ ચાલવા નહી દઈએ અને અમો ગમે તેમ કરીને આ જમીન તમારી પાસેથી પડાવી લેવાના છીએ તેવી જાહેરમાં ધમકીઓ આપી રહેલ છે. અમો વાદીઓ ધ્વારા આજથી એકાદ અઠવાડીયા અગાઉ દાવાવાળી જમીનમાં અમોએ કરેલી ખેતીના વાવેતરમાં પાણી પીવડાવવા માટે જતા આ પ્ર.વાદીઓ તેમજ તેમના કુટુંબીજનો એકજુથ થઈ આવી આ પાક અમારો છે અમો વાઢી લઈશુ અમે આ જમીન પણ પડાવી લઈશુ તેમ કહી મા–સમાણી ગાળો આપી, ધમકીઓ આપતા અમોએ બુમાબુમ કરતા આજુબાજુના માણસો ભેગા થઈ જતા પ્ર.વાદીઓ જતા રહેલ. આમ, આ પ્ર.વાદીઓ ધ્વારા ચેન–કેન પ્રકારે દાવાવાળી જમીન બાબતે ધમકીઓ આપવાનુ ચાલુ રાખી અમારી પાસેથી પડાવી લેવાની પેરવીઓ કરી રહેલ હોય અને તેના ભાગ રૂપે ઝગડાઓ કરી અમોને ખેતી કામ કરતા અટકાયત કરવાની કોશીષ કરતા પ્ર.વાદીઓના ગેરકાયદેસર કૃત્ય અને તેઓના જુથબળના આધારે તઓ અમારી પાસેથી જમીન પડાવી લે તો અમારા કાયદેસરના હકક હિસ્સાને નુકસાન થાય તેમ હોઈ, અમારા હકક રક્ષણ માટે હાલનો આ દાવો તથા મનાઈ અરજી તાત્કાલીક દાખલ કરવાની જરૂર ઉભી થયેલ છે.

**દાવાનું કારણ :–** આજથી એક અઠવાડીયા અગાઉ અમો વાદીઓ દાવાવાળી જમીનમાં કરેલ ખેતીના વાવેતરમાં પાણી પીવડાવવા ગયેલ તે અરસામાં આ કામના પ્ર.વાદીઓ અને તેમના કુટુંબીજનો એક જૂથ થઈ આવી પાક વાઢી લેવાની અને જમીન પડાવી લેવાની ધમકીઓ આપી, અમારા કાયદેસરના હકક હીત અને નુકસાન પહોચાડવાની કોશીશ કરેલ હોય, ત્યારથી અને તેમ તેમ આપ નામ. કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

(૩) વાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **નિશાની** | **દસ્તાવેજી પુરાવાની વિગત** |
|---|---|
| નિ.૩/૧ | ગામના નમુના નં.૮– અ ની ખાતા નં.૨૪૮ ની સ્કેન નકલ |
| નિ.૩/૨ | ગામના નમુના નં.૭ ની રે.સ.નં.૪૭૭ ની નકલ |
| નિ.૩/૩ | ગામના નમુના નં.૧૨ની રે.સ.નં.૪૭૭ ની નકલ |
| નિ.૩/૪ | ગામના નમુના નં.૬ ની નોધ નં.૩૫૨ ની ખરી નકલ |
| નિ.૩/૫ | ગામના નમુના નં. ૬ ની નોધ નં. ૨૦૬૨ ની ખરી નકલ |

| | |
|---|---|
| નિ.૩/૬ | ગામના નમુના નં. ૬ ની નોધ નં.૨૦૬૯ ની ખરી નકલ |
| નિ.૩/૭ | વાદી નં.૧ ના જાતિના દાખલાની સહી સીકકાની નકલ |
| નિ.૩/૮ | વાદી નં. ૨ ના જાતીના દાખલાની સહી સીકકાની નકલ |
| નિ.૩/૯ | વાદી નં. ૩ ના જાતીના દાખલાની સહી સીકકાની નકલ |
| નિ.૩/૧૦ | વાદી નં. ૧ ના બી.પી.એલ.ના દાખલાની નકલ |
| નિ.૩/૧૧ | વાદી નં. ૨ ના બી.પી.એલ.ના દાખલાની ખરી નકલ |
| નિ.૪૨/૧ | વાદી ધ્વારા મે.કલેકટર સાહેબની કોર્ટમાં કરેલ અપીલ મેમાની નકલ |

(૪) અરજીના અનુસંધાનમાં પ્રતિવાદીઓને દાવાનો સમન્સ તથા અરજીની નોટીસ બજતાં તેઓ તેમના વકીલશ્રી મારફતે કોર્ટમાં હાજર થયેલ છે અને પ્ર.વાદીનાઓએ આંક-૧૦ થી વાદીઓના દાવાનો લેખિત જવાબ રજુ કરી વાદીઓની દાવા તથા હંગામી મનાઈ હુકમની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે, વાદીઓએ જાણી બુઝીને પ્ર.વાદી નં.૨ તરીકે પપ્પુભાઈ નાથાભાઈ બારીયા એવુ નામ લખેલ છે. ખરી હકકીકતમાં પ્રતિવાદી નં.૨ ના પાલક-જન્મ દાતા પિતા નાથાભાઈ ફતાભાઈ હતા પરંતુ મડીયાભાઈ જોખનાભાઈને કોઈ વસ્તાર ન હોવાથી મડીયાભાઈ જોખનાભાઈએ આ પપ્પુભાઈને સને ૨૦૦૨ ની સાલમાં પોતાના દતક પુત્ર તરીકે લીધા હતાં અને તે બાબતનુ એક લખાણ રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર નાથાભાઈ ફતાભાઈએ વાદીઓ તથા ગામના પંચો રૂબરૂ તા.૨૧-૧૧-૨૦૦૨ ના રોજ લખી આપેલ. આ લખાણ મુજબ નાથાભાઈ ફતાભાઈ પોતાના દિકરા પપ્પુને મડીયા જોખનાને પંચો રૂબરૂ વિધીથી ખોળે આપેલ અને મડીયાભાઈ જોખનાભાઈએ પપ્પુને પોતાના દિકરા તરીકે સ્વીકારેલ. આ લખાણવાળો સ્ટેમ્પ પેપરવાળુ કાગળ આ સાથે લીસ્ટથી રજુ છે. આ લખાણમાં સડીયાભાઈ ધુળાભાઈ, માનસીંગ ફતાભાઈ અને વિરાભાઈ ધુળાભાઈએ એકબીજાની હાજરીમાં તથા પંચોની હાજરીમાં સહી/અંગુઠાના નિશાન પણ કરેલ છે. આમ, આ પપ્પુભાઈ છેલ્લા ૨૦ વર્ષથી પપ્પુભાઈ મડીયાભાઈ તરીકે જ ઓળખાય છે અને મડીયાભાઈ જોખનાભાઈની જમીન ખેડે છે અને ઉપજ લે છે. મડીયાભાઈ જોખનાભાઈ તા.૨૬-૦૧-૨૦૧૫ ના રોજ ગુજરી ગયેલ છે અને નાથાભાઈ ફતાભાઈ તા.૦૪-૦૪-૨૦૧૯ ના રોજ ગુજરી ગયેલ છે. તે જાહેર કરીએ છીએ. રેશન કાર્ડ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, વિગેરેમાં પણ પપ્પુભાઈ મડીયાભાઈ તરીકેનું જ નામ લખાય છે અને તેજ નામે પ્ર.તિવાદી નં.૨ ઓળખાય છે. આ તમામ વિગતની વાદીઓને જાણ હોવા છતાં પ્રતિવાદી નં.૨ તરીકે પપ્પુભાઈ નાથાભાઈ એવુ ખોટું લખેલ છે. આ પપ્પુભાઈ મડીયાભાઈ તેમના જન્મદાતા પિતા નાથાભાઈ ફતાભાઈની મીલકતમાં જમીનમાં કોઈ ભાગ

માંગતા નથી કે નાથાભાઈ ફતાભાઈની જમીનમાં કોઈ હકક લાગભાગ માંગતા નથી કે કબજો પણ નથી. દાવાવાળી જમીનમાં મડીયાભાઈ જોખનાભાઈનાં ઘરમાં આ પપ્પુભાઈ જ રહે છે અને રેકર્ડમાં પણ આ ઘર પપ્પુભાઈ મડીયાભાઈના નામે જ ચાલે છે જેનો વેરો પણ પપ્પુભાઈ મડીયાભાઈ જ ભરે છે, જે હકકીકત દર્શાવતાં લેખીત પુરાવા પણ આ સાથે લીસ્ટથી સામેલ કરેલ છે માટે પ્રતિવાદી નં.ર ના નામ સાથે જે નાથાભાઈ લખેલ છે. તેમાં સુધારો કરી પપ્પુભાઈ મડીયાભાઈ એવો સુધારો વાદીએ કરવો જોઈએ અને તે માટેની અમોએ અલગથી અરજી પણ આપેલ છે માટે તેવો ફેરફાર કરવા હુકમ કરવો જોઈએ. આ પપ્પુભાઈ મડીયાભાઈના પુત્ર તરીકે ઓળખાતા હોવાનુ આડકતરી રીતે વાદીઓના દાવા અરજી, મનાઈ અરજીના પેરા-૪ માં ઉલ્લેખ પણ કરેલ છે. આમ, વાદીઓ આ હકકીકત પ્રથમથી જ જાણતા હોવા છતાં અને આ મડીયાભાઈ તથા નાથાભાઈ ગુજરી ગયા પછીથી બદૃઆશયથી આ દાવો કરેલ છે. આમ, આ દાવો શુધ્ધબુધ્ધિનો નથી તેવી સત્ય હકકીકત છુપાવી નામદાર કોર્ટને ગેરમાર્ગ દોરવા વાદીઓએ પ્રયત્ન કરેલ છે. આમ, વાદીઓ કલીન હેન્ડથી નામદાર કોર્ટ સમક્ષ આવેલ નથી માટે દાવો રદૃ કરવો જોઈએ. અમારી ઉપરોકત તકરારને બાધ આવ્યા સિવાય અમો જણાવીએ છીએ કે, મોજે હિરોલા,તા.સંજેલીમાં ખાતા નંબર-ર૪૮ માં રેવન્યુ સર્વે નંબર નવો-૪૭૭ અને જુનો રેવન્યુ સર્વે નં.૭ પૈકી ર હે.આરે.૩-૧૬-૯૯ વાળી ખેતીની જમીન આવેલી હોવા બાબતની પેરા-૧ માં જણાવેલી વિગત બાબતે કોઈ તકરાર નથી. પરંતુ જમીન વાદી નં.૧ ની સ્વોપાર્જીત અને વાદીઓ નં.ર,૩ ની સંયુકત માલીકી કબજા ભોગવટામાં આવેલી હોવાની પેરા-૧ ની હકિકત ખોટી છે અને અમોને કબુલ મંજુર નથી. સદરહું જમીન પણ નાથાભાઈ ફતાભાઈના કબજા ભોગવટામાં સમાઈક ભાગીદારી તરીકે જ આવેલી અને તે બાબતની રેવન્યુ રેકર્ડ ઉપર નોંધ નંબર-ર૧૯૪ ની પડેલ છે. જે સર્કલ ઓફીસર લીમડી એ તા.૧૮-૧૦-ર૦૦૮ નારોજ પ્રમાણીત પણ કરેલ છે, જે સામે વાદીઓએ આજદીન સુધી કોઈ વાંધા તકરાર ઉઠાવી નથી કે કોઈ અપીલ પણ કરેલ નથી માટે વાદીઓના આ દાવાને લો ઓફ એકવીચન્સનો સિધ્ધાત નડે છે. આમ, વાદીઓએ આ સત્ય હકિકત છુપાવી હાલનો દાવો કરેલ હોઈ દાવા અરજી રદૃ કરી મનાઈ અરજી પણ રદૃ કરવી જોઈએ. આ પડેલ નોધ પછી આ નાથાભાઈ ફતાભાઈ ગુજરી ગયા પછીથી તેમના વારસદારો તરીકે દાવાવાળી જમીનમાં અમો પ્ર. વાદીઓ નંબર.૧,૩થી૬ ના નામો દાખલ કરવા માટે અમોને મામલદારશ્રી, સંજેલી તથા તલાટી કમ મંત્રી હીરોલાને અરજી પણ આપી છે. જેનો પ્રોસેસ ચાલે છે. પ્રતિવાદી નં.ર એ આ જમીનમાં કોઈ હકક માંગેલ નથી તે જાહેર કરીએ છીએ. પેરા-૧ ની ખુંટના વિગત બાબતે કોઈ તકરાર નથી.

દાવા અરજીના પેરા–૨ હકિકત સંપૂર્ણપણે સત્ય નથી, દાવા અરજીના પેરા–૨ માં જણાવેલ હકીકત કે દાવાવાળી જમીન અમોને ગણોત હકકે મળેલ હોવાની વાત સંપુર્ણપણે ખરી નથી. વાદીઓ તે માટે નોંધ નં.૩૫૨ ઉપર આધાર રાખે છે પરંતુ સદરહું દાવાવાળી લુંજાભાઈ બારીઆના પુત્ર ફતાભાઈ લુંજાભાઈના નાના ભાઈ તરીકે નાથાભાઈ ફતાભાઈ પણ ખેડતા હતા અને તેમના કબજામાં પણ આવેલ હતી પરંતુ ટેનન્સી કેસ ચાલ્યો ત્યારે ફતાભાઈ લુંજાભાઈના મોટા પુત્ર તરીકે માનસીંગભાઈ તથા ધુળાભાઈ લુંજાભાઈના દિકરાઓ સડીયાભાઈ ધુળાભાઈ તથા ભુરાભાઈ ધુળાભાઈ એકલાના નામે ગણોત હુકમ થયેલ, નાથાભાઈ ફતાભાઈ ધુળાભાઈ નાના હોવાથી મોટા ભાઈઓના એકલાના નામો દાખલ થયેલ હોય તેથી નાના ભાઈનો હકક જતો રહેતો નથી. સરકારે આ બાબતનો પરિપત્ર પણ બહાર પાડેલ છે. રેવન્યુ રેકર્ડ એ ફકત પ્રિઝમટીવ વેલ્યુ ધરાવે છે અને તેથી નાથાભાઈ ફતાભાઈ કે તેમનો વારસો એવા પ્રતિવાદીઓ નં.૧ અને ૩ થી ૬ નો કાયદેસરનો હકક નષ્ટ થતો નથી. આ નોંધ વખતે નાથાભાઈ ધુળાભાઈ સગીર હશે, તેથી તેઓને નોંધની જાણ ન હોવાથી તેમનું નામ રેકર્ડમાં આવેલ નથી પરંતુ તે પછી નોંધ નં.૨૧૯૫ થી નાથાભાઈ ફતાભાઈનુ નામ સમાઈક ભાગીદાર તરીકે નાયબ કલેકટર અને પ્રાન્ત અધિકારીશ્રી દાહોદના હુકમ નંબર.હકપ/સા.ભા./વશી/એસ.આરનં.૧૪૭/૨૦૦૩, તા.૦૫/૦૭/૨૦૦૩ ના હુકમથી નાથાભાઈ ફતાભાઈનું નામ દાખલ થયેલ છે, અને તે મુજબ સ્થળે પણ તેમનો કબજો ભોગવટો અને ખેતી છે. આ નોંધ નં.૨૧૯૫ ની નકલ પણ આ સાથે લીસ્ટથી સામેલ છે. આ નોંધ નં.૨૧૯૫ વિરુધ્ધ આજદિન સુધી કોઈ અપીલ થઈ નથી. સદર હુકમ વાદીઓની સંમતીથી થયેલ છે. દાવા અરજીના પેરા–૩ માં જણાવેલ હકિકત કે આ કામના પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનમાં કોઈ પણ જાતનો લાગભાગ કે હકક હિસ્સો આવેલ ન હોવાથી વાત ખોટી છે, અને નોંધ નં.૨૧૯૫ માં દર્શાવેલ હુકમ વિરૂધ્ધની અને રેકર્ડ વિરુધ્ધની છે. આ પેરામાં જણાવેલ વિગત કે તેઓ નાથાભાઈ ફતાભાઈના એટલે કે વાદી નં.૧ ના ભાઈના વારસદારો હોવાની વાત ખરી છે પરંતુ પ્રતિવાદી નં.૨ પપ્પુભાઈ એ મડીયાભાઈ જોખનાભાઈના દત્તક પુત્ર છે, જે વાદીઓની જાણમાં હોવા છતાં આ દાવામાં ખોટી રજુઆત કરેલ છે અને તેથી જ અમોએ પ્રતિવાદી નં.૨ ના નામ પાછળ નાથાભાઈ લખેલ છે, તેમાં સુધારો કરવા અરજી આપેલ છે. આ પેરામાં તે પછીની જણાવેલ વિગત કે તેઓની જમીનો અલગ ખાતા નં.૨૪૯ માં આવેલી છે તે વાત ખરી છે. દાવાવાળી જમીનમાં પણ અમો પ્રતિવાદી નં.૧ અને ૩ થી ૬ સામાઈક ભાગીદાર છીએ. આમ, ખાતા નં.૨૪૮ અને ૨૪૯ માં આવેલ જમીનોનાં અમો પ્ર. વાદીઓ નં.૧ અને ૩ થી ૬ માલિક અને કબજેદાર છીએ. દાવાવાળી જમીન વાદી નં.૧ તથા વાદીઓ નં.૨,૩ એ તેમના એકલાનું

ખોટી રીતે ગણોત હકકે નામ ચઢાવી દીધેલ છે. નોંધ નં.૨૧૯૫ માં જણાવ્યા મુજબના હુકમથી નાથાભાઈ ફતાભાઈનું નામ પણ દાવાવાળી જમીનમાં દાખલ થયેલ છે, જેના પુરાવા રૂપે નોંધની નકલ તથા ગામ નમુનો નં.૮–અ અને ૭/૧૨ ની નકલો પણ લીસ્ટથી રજુ કરેલ છે. આમ, વાદીઓના આ દાવા ખોટો હોઈ દાવો તથા મનાઈ અરજી રદ કરવી જોઈએ. દાવા અરજીની પેરા–૩ પાન નંબર–૩ ઉપર જણાવેલ વિગત કે દાવાવાળી જમીનમાં પૂર્વ–પશ્ચિમ ઉભા હિસ્સા પાડેલા હોવાની વાત પણ ખરી છે. આ ઉભા પાડેલા હિસ્સા પૈકી હિસ્સો અમો પ્રતિવાદીઓ નં.૧ અને ૨ થી ૬ નો પણ સંયુકત રીતે આવેલ છે, જે વાદીઓએ જાણીબુઝીને તેમના પ્લીડીંગમાં જણાવેલ નથી. આ પેરામાં વાાદીઓ નં.૧,૨ અને ૩ હિસ્સાની જણાવેલ વિગત સંપુર્ણપણે ખરી નથી. વધુમાં આ પેરા–૩ માં જણાવેલ વિગત કે વચ્ચેનો હિસ્સો મડીયાભાઈ જોખનાભાઈનો હતો તે વાત પણ ખરી છે અને તેઓ જીવ્યા ત્યાં સુધી તેવો હિસ્સો મડીયાભાઈ જોખનાભાઈનો હતો અને તેઓ ખેડતાં પણ હતાં, પરંતુ મડીયાભાઈ જોખનાભાઈ ૨૦૧૫ માં ગુજરી પછીથી આ વચ્ચેનો હિસ્સો પ્રતિવાદી નં.૨ જ તેમના દત્તક પુત્ર તરીકે ખેડે છે. ચાલુ વર્ષે તેઓએ તેમના હિસ્સોમાં ચણાનો પાક ઉગાડેલ જે હાલમાં લઈ લીધેલ છે. વધુમાં આ પેરામાં જણાવેલ વિગત કે મડીયાભાઈ જોખનાભાઈ બિનફરજંદ ગુજરી ગયાની વાત ખરી છે પરંતું મડીયાભાઈ કોઈ પુત્રનું સંતાન ન હોવાથી મડીયાભાઈ પ્રતિવાદી નં.૨ ને તેમના દત્તક પુત્ર તરીકે લીધેલ છે અને તે મુજબ આ પ્રતિવાદી નં.૨ પપ્પુભાઈ મડીયાભાઈ તરીકે ઓળખાય છે અને દરેક રેકર્ડમાં તેમનું નામ પપ્પુભાઈ મડીયાભાઈ તરીકે જ લખાતું આવેલ છે. રેશન કાર્ડમાં મડીયાભાઈ જોખનાભાઈ સાથે આ પ્ર.વાદી નં.૨ નું તથા તેના વારસોનાં નામ પણ બોલે છે. આ સત્ય હકિકતની જાણ વાદીઓને હોવા છતાં તે સત્ય હકિકત વાદીઓએ છુપાવેલ છે, માટે નામદાર કોર્ટની વિવેકબુધ્ધિનો લાભ વાદીઓના મળી શકે નહિ માટે મનાઈ અરજી રદ કરવી જોઈએ. દાવાવાળી જમીનમાં વાદીઓના નામ સાથે નાથાભાઈ ફતાભાઈનું પણ નામ ચાલે છે. પ્રતિવાદી નં.૨ સદરહું દાવાવાળી જમીનમાં નાથાભાઈ ફતાભાઈ વારસ તરીકે કોઈ હકક કરતાં નથી તે જાહેર કરીએ છીએ. પ્રતિવાદી નં.૨ મડીયાભાઈ જોખનાભાઈના વારસ તરીકે જ હકક કરે છે. દાવાવાળી જમીનમાં મડીયાભાઈ જોખનાભાઈનું ઘર–મકાન આવેલ હોવાની વાદીઓની વાત ખરી છે પરંતુ મડીયાભાઈના ગુજરી ગયા પછી તે મકાન પ્રતિવાદી નં.૨ ના નામે જ બોલે છે. વિજળી કનેકશન પણ તેના જ નામે બોલે છે જેના પુરાવા લીસ્ટથી સામેલ કરેલ જ છે. દાવા અરજીના પેરા–૪ માં ધમકીની જણાવેલ હકિકત ખોટી છે અને દાવો કરવા માટે ઉપજાવી કાઢેલ છે. પ્રતિવાદી નં.૨ મડીયાભાઈ જોખનાભાઈનો દત્તક પુત્ર છે તે વાત ખરી છે અને તે હકક જ તેઓ આ દાવાવાળી

જમીન ખેડે છે, તેથી તેમના ભાગની જમીન તેઓના કબજામાં છે પરંતુ તેવો ભાગ બળજબરીથી પડાવી લેવાની પેરવીઓ પ્રતિવાદી નં.૨ કરતાં હોવાની વાત ખરી નથી. પ્રતિવાદી નં.૨ મડીયાભાઈ ઘરમાં ગેરકાયદેસર અને બળજબરીથી ઘુસી ગયા હોવાની વાદીઓની વાત ખોટી છે, અગર અન્ય પ્રતિવાદીઓને લાભ કરાવવાના ઈરાદે અમો ખોટી રજુઆત કરતાં હોવાની વાત પણ ખોટી છે. વાદીઓએ જણાવેલ હકીકત કે તેનો આધાર લઈ દાવાવાળી જમીનમાં અમારો કબજો છે તેવું સાબિત કરવા માંગે છે, તે વાત ખોટી અને દાવો કરવા માટે ઉપજાવી કાઢેલી છે. નાથાભાઈ ફતાભાઈની હયાતિ દરમ્યાન વાદીઓએ જાણીબુઝીને આવો પ્રકારનો દાવો કરેલ નથી અને નાથાભાઈ ફતાભાઈ ૨૦૧૯ માં ગુજરી ગયા પછીજ ખોટી હકિકતો ઉપજાવી કાઢી બદ્દઆશયથી હાલનો દાવો મનાઈ માંગેલ છે માટે દાવો તથા મનાઈ અરજી ખર્ચ સાથે રદ્દ કરવો જોઈએ. દાવા અરજીના પેરા–૪ ની પછીની જણાવેલ હકિકત કે દાવાવાળી જમીનમાં ખોટો હકક ઉભો કરવા અને ગેરકાયદેસર પ્રવેશ કરી અમો વાદીઓના ખેતીના પાકને નુકશાન કરવાની ધમકીઓ આપી રહેલ છે, તે વાત તદ્દન ખોટી છે અને દાવો કરવા માટે ઉપજાવી કાઢેલી છે. વાદીઓ દાવા અરજીમાં જણાવે છે તેવી કોઈ ધમકીઓ અમોએ વાદીઓને આપી નથી કે આપતાં પણ નથી, ફકત દાવાનું કારણ ઉભું કરવા પોલીસમાં ફરીયાદ આપવા વિગેરે બાબતની ધમકીઓ આપતાં હોવાની હકિકત વાદીઓનાં ફળદૃપ ભેજામાંથી ઉપજાવી કાઢી છે. આમ, વાદીઓના દાવાને દાવાના કારણનો અભાવ હોઈ દાવો સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ મુજબ રદ્દ કરવો જોઈએ. દાવા અરજીના પેરા–૫ ની વિગત પણ ખોટી અને દાવો કરવા માટે ઉપજાવી કાઢેલ છે. અમોએ કોઈ ગાળો આપી નથી કે વાદીઓ જણાવે છે તેવો કોઈ બનાવ કે તેવી હકિકત બની જ નથી. દાવાવાળી જમીનમાં સામાઈક ભાગીદાર તરીકે અમો પ્રતિવાદીઓ નંબર.૧,૩ થી ૬ નો કબજો છે, તેથી ધમકીઓ આપતા હોવાની વાત ઉપજાવી કાઢેલી છે, માટે દાવો, મનાઈ અરજી રદ્દ કરવો જોઈએ. આવા ખોટા કારણોસર વાદીઓને તાત્કલીક દાવો કરવાની અને મનાઈ માંગવાની જરૂર પડી હોવાની વાત પણ ખોટી અને ઉપજાવી કાઢેલ છે, માટે દાવો અને મનાઈ અરજી રદ્દ કરવા જોઈએ. દાવા અરજીના પેરા–૬ માં દાવા અરજીનું જે કારણ જણાવેલ છે તેવું કોઈ કારણ વાદીઓ માટે ઉપસ્થિત થયેલ જ નથી, ફકત ખોટી હકિકતો જણાવી દાવાનું કારણ ઉભું કરવા પ્રયત્ન કરેલ છે, માટે દાવો ખર્ચ સાથે રદ્દ કરવો જોઈએ. દાવા અરજીના પેરા–૭ માં જણાવેલ માંગ્યા મુજબની કોઈ દાદ વાદીઓને મળવા પાત્ર નથી કે તેવી કોઈ દાદ વાદીઓના લાભમાં આપી શકાય તેમ નથી માટે દાવો ખર્ચ સાથે રદ્દ કરવો જોઈએ. ઉપર જણાવ્યા મુજબ દાવાવાળી જમીનમાં અમો પ્રતિવાદીઓ નં.૧ અને ૩ થી ૬ નો હકક છે અને દાવા અરજીના

પેરા–૩ અને ૪ માં જણાવ્યા મુજબ અમો પ્રતિવાદી નં.૨ નો પણ હકક અને કબજો છે માટે માંગ્યા મુજબનો કોઈ જાહેરાત આપવાનો કે તેવી દાદ આપવાનો પ્રશ્ન જ રહેતો નથી, માટે દાવો ખર્ચ સહિત રદ્દ કરવો જોદએ. ૭(બ) માં જણાવ્યા અને માંગ્યા મુજબની મનાઈ દાદ પણ વાદીઓને મળવા પાત્ર ન હોય દાવો તથા મનાઈ અરજી રદ્દ કરવા જોઈએ. વાદીઓની આંક–૫ ની મનાઈ અરજીના પેરાઓનો જવાબ ઉપરના પેરાઓમાં આવી જતો હોઈ અલગથી જવાબ આપેલ નથી. અમોએ સ્થળ સ્થિતિનું પંચનામું કરવા આપેલ અરજીમાં જણાવેલ કથન મુજબ સ્થળે અમો પ્રતિવાદી નંબર.૨ નો કબજો ભોગવટો છે અને તેની કબુલાત પણ વાદીઓએ પેરા–૩,૪ માં કરેલ હોઈ કોઈ મનાઈ હુકમ વાદીઓના લાભમાં અમો પ્રતિવાદી નં.૨ વિરુધ્ધ ફરમાવી શકાય તેમ નથી તથા આ કામે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ તથા અમારી પ્લીડીંગ મુજબ પ્રતિવાદીઓ નં.૧ અને ૩ થી ૬ ના પિતા નાથાભાઈ ફતાભાઈનું નામ સામાઈક ભાગીદાર તરીકે દાખલ કરવા નાયક કલેકટરશ્રી (પ્રાન્ત) દોહોદના હુકમથી દાખલ થયેલ છે અને તે બાબતની રેવન્યુ રેકર્ડ ઉપર નોંધ નં.૨૧૯૫ પડેલ છે અને પ્રમાણિત થયેલ છે અને તે મુજબ પણ નાથાભાઈ ફતાભાઈના વારસો તરીકે અમારો હકક અને કબજો હોઈ અમારા વિરુધ્ધ કોઈ મનાઈ હુકમ ફરમાવી શકાય નહિ માટે પણ મનાઈ અરજી ખર્ચ સાથે રદ્દ કરશો. ઉપરના પેરાઓ મુજબ અમારો પ્રથમ દર્શનીય કેસ હોઈ અને સ્થળે પ્રત્યક્ષ અમારો કબજો ભોગવટો હોઈ સગવડ અગવડનુ ધોરણ અમારા લાભમાં છે, અમારા વિરુધ્ધ મનાઈ હુકમ ફરમાવામાં આવે તો સંયુકત માલિક અને સંયુકત કબજેદાર તરીકે અમોને દાવાવાળી જમીનમાં પ્રવેશ કરવા તથા ખેતી કામ કરવામાં ઘણીજ મુશ્કેલીઓ પડે, અમારા કાયદેસરના હકકને નાણાંથી ભરપાઈ ન થાય તેવું ભયંકર નુકશાન જાય તેમ હોઈ ઈરીપેરેબલ ઈન્જરી પણ અમારા લાભમાં છે. વાદીઓના કબજા ભોગવટામાં અને તેમના હિસ્સામાં અમો કોઈ અડચણ ઉભી કરતાં નથી. આમ, વાદીઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી કે સગવડ અગવડનું ધોરણ ઈરીપેરેબલ ઈન્જરી પણ વાદીઓના લાભમાં ન હોઈ અને સંયુકત કબજેદારો વિરુધ્ધ કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ ફરમાવી શકાય નહિ માટે મનાઈ અરજી ખર્ચ સાથે રદ્દ કરશો.

(૫) પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **નિશાની** | **દસ્તાવેજી / મૌખિક પુરાવાની વિગત** |
|---|---|
| નિ.૧૩/૧ | મડીયાભાઈ જોખનાભાઈ બરીયાએ પ્ર.વાદી નં. ૨ ને તેમના દત્તક પુત્ર તરીકે રાખ્યાને તે બાબતનું રૂા.૫૦/–ના સ્ટેમ્પ પેપરનું લખાણ જેમાં વાદીઓએ પણ અન્ય પંચોની હાજરીમાં લખાણ કરી આપેલ જેમાં નાથાભાઈ ફતાભાઈએ મૂળ પાલક પિતા તરીકે સહી પણ કરેલ |

| | |
|---|---|
| | છે તે લખાણની નકલ. |
| નિ.૧૩/૨ | દાવાવાળા સર્વે નંબરમાં પ્ર.વાદી નં.૨ ના નામે બોલતા ઘર નં.૭૫૫ ના આકારણી પત્રકના ઉતારાની ઝેરોક્ષ નકલ સને ૨૦૨૧–૨૦૨૨ ની તલાટીના સહી સીકકા વાળી. |
| નિ.૧૩/૩ | પ્ર.વાદી નં.૨ નું નામ પપ્પુભાઈ મડીયાભાઈ તરીકે ચાલતુ હોવા અંગેના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ. |
| નિ.૧૩/૪ | ચુંટણી કાર્ડની ઝેરોક્ષ નકલ |
| નિ.૧૩/૫ | દાવાવાળી જમીનમાં આવેલ ઘર/જમીનમાં વીજળી કનેકશન પ્ર.વાદી ન.૨ ના નામે ચાલે છે તેના વીજ વપરાશના બીલ. |
| નિ.૧૩/૬ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના પપ્પુભાઈ મડીયાભાઈના બચત ખાતાની પાસ બુકની પ્રથમ પાનાની નકલ. |
| નિ.૧૩/૭ | રેશનકાર્ડ પપ્પુભાઈ મડીયાભાઈના નામ વાળું |
| નિ.૧૩/૮ | નોધ નં.૨૧૯૫, તા.૦૬/૨૦૦૮/૦૮ ની ઝેરોક્ષ નકલ જે ૧૩૫–ડી ની નોટીસ આપ્યા પછી હુકમ મુજબ પડેલ નોંધની નકલ. |
| નિ.૨૩/૧ | બારીયા પપ્પુભાઈ મડયાભાઈએ ચલણથી ભરેલ તેની નકલ |
| નિ.૨૩/૨ | બારીયા પપ્પુભાઈ મડયાભાઈને તલાટી ક્રમ મંત્રીએ દાખલો આપેલ તેની નકલ |
| નિ.૨૩/૩ | વાહન રજી.ની આર.સી.બુકની નકલ |
| નિ.૨૩/૪ | પાન કાર્ડની નકલ |
| નિ.૨૩/૫ | પંચાયતમાં વેરો ભર્યાની નકલ |
| નિ.૨૩/૬ | બારીયા પપ્પુભાઈ મડીયાભાઈના પેઢીનામાનું સોગંદનામું |
| નિ.૨૩/૭ | બારીયા પપ્પુભાઈ મડીયાભાઈના પેઢીનામાનું સોગંદનામું |
| નિ.૨૩/૮ | દાવાવાળી મીલકતોના ફોગોગ્રાફ |
| નિ.૨૩/૯ | દાવાવાળી મીલકતોના ફોગોગ્રાફ |
| નિ.૨૩/૧૦ | દાવાવાળી મીલકતોના ફોગોગ્રાફ |
| નિ.૨૮/૧ | મે.ઈ–ધરા મામલતદારમાં કરેલ અરજીની ઝેરોક્ષ નકલ |
| નિ.૨૮/૨ | મે.નાયબ કલેકટરના નં. હકપ/સા.ભા/વશી ના હુકમની નકલ |
| નિ.૩૬/૧ | પ્ર.વાદીના ત્રાહિત સાહેદ કોયાભાઈ સકજીભાઈ કટારાનું સોગંદનામું |
| નિ.૩૬/૨ | પ્ર.વાદીના ત્રાહિત સાહેદ દિતાભાઈ સોમજીભાઈ ભાભોરનું સોગંદનામું |
| નિ.૩૭/૧ | મોજે ગામ હીરોલા,તા.સંજેલી,જી.દાહોદના ખાતા નં.૨૪૮ ના ગામ નમુનો નં.૮–અ (જમીનની ખાતાવહીની નકલ) |
| નિ.૩૭/૨ | મોજે ગામ હીરોલા,તા.સંજેલી,જી.દાહોદના ખાતા નં.૪૭૭ના ગામ નમુનો નં.૭ની અસલ નકલ |
| નિ.૩૭/૩ | મોજે ગામ હીરોલા,તા.સંજેલી,જી.દાહોદના ખાતા નં.૨૪૯ ના ગામ |

| | |
|---|---|
| | નમુનો નં.૮–અ (જમીનની ખાતાવહીની નકલ) |
| નિ.૩૭/૪ | મોજે ગામ હીરોલા,તા.સંજેલી,જી.દાહોદના રે.સ.નં.૫૦૬ ના ગામ નમુનો નં.૭ ની નકલ |
| નિ.૩૭/૫ | મોજે ગામ હીરોલા,તા.સંજેલી,જી.દાહોદમાં પડેલ નોધ નં.૩૦૮૦ ની નકલ |

સદર કામે કોર્ટ કમિશ્નર ધ્વારા માર્ક–૧૮/૩ થી પંચનામુ તથા માર્ક–૧૮/૪ થી દાવાવાળી જમીનનો નકશો રજુ કરવામાં આવેલ છે.

(૬) સદર કામે પ્રતિવાદીઓ તરફે (૧)જી.એલ.આર.૨૦૦૭(૧) પી.૭૯ (૨)એ. આઈ.આર.૧૯૯૫ પી.૧૩૧ દીલ્હી. (૩)એ.આઈ.આર.૨૦૦૨ પી.૧૫૧ (૪)૧૯૯૫(૧) જી.સી.ડી. પી.(ગુજ.) (૫)એ.આઈ.આર.૨૦૦૮ એસ.સી. પી.૨૨૯૧ (૬)એ.આઈ.આર.૨૦૧૦ એસ.સી. પી.૨૯૬ (૭)જી.એલ.એચ.૨૦૦૧(૩) (યુ.જે.) ૭ પી.૧૦ (૮)એ.આઈ.આર.૨૦૦૨ (ગુજ.) પી.૮૬ (૯)ર્લા (એસ.સી.) ૨૦૦૨–૭ પી.૮૨ (૧૦)જી.એલ.આર. પી.૯૨૬

(૭) સદર મનાઈ અરજી સંદર્ભે વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે વિધ્વાન વકીલશ્રીઓની લેખિત/ મૌખિક રજુઆતો ધ્યાનપુર્વક સાંભળવામાં આવેલ છે જે મુદ્દાઓની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વગેરે ધ્યાને લેતાં આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીનો ન્યાય–નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલા છે.

(૧) શું વાદી પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) '' નકારમાં ''

(૨) '' નકારમાં ''

(૩) '' નકારમાં ''

(૪) આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

(૯) **<u>મુદ્દા નંબર – ૧, ૨ અને ૩</u>**

ઉપરોકત ત્રણેય મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોઈ, સગવડતા ખાતર ત્રણેય મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

**<u>દાદની વિગતો:–</u>**

સદર કામે રેકર્ડ જોતાં વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ સામે હાલનો દાવો દાખલ કરેલ છે અને તેમાં ચાલુ દાવે હાલની આંક–૦૫ની મનાઈ અરજી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા આપેલ છે. સદર કામે આંક–૫ ની મનાઈ અરજીના પેરા નં.૦૭ માં દાદ માંગેલ છે કે,

(અ) મોજે–હિરોલા,તા.સંજેલીમાં આવેલ ખાતા નં.૨૪૮ ની રે.સ.નં.૪૭૭ (જુના રે.સ.નં.૭ પૈકી ૨) ક્ષેત્રફળ હે.૩.૧૬.૯૯ વાળી દાવા અરજીના પેરા–૧ માં દર્શાવેલ ખુંટ વર્ણનવાળી જમીનમાં અમો વાદીઓ કે અમારા કુટુંબીજનો, નોકરો, એજન્ટો ખેતીનુ કામ કાજ કરી જમીનનો ઉપભોગ કરીએ તેમાં આ કામના પ્ર.વાદીઓ કે તેમના કુંટુંબીજનો નોકરો એજન્ટો મળતીયાઓ કોઈ પ્રકાર નો હેલો હરકત અંતરાય કરે કરાવે નહી કે દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરે–કરાવે નહી અને અમોએ કરેલ ખેતીના પાકમાં નુકશાન કરે–કરાવે નહી અને દાવાવાળી જમીનનો કબજો ભોગવટો લે–લેવડાવે નહી તેવો અમો વાદીઓના લાભમાં આ કામના પ્ર. વાદીઓ વિરૂધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવશોજી.

(બ) ન્યાયથી યોગ્ય અને વ્યાજબી હરકોઈ દાદ આ કામના પ્ર.વાદીઓ વિરૂધ્ધ ફરમાવશોજી.

(૧૦) મનાઈ હુકમ આપવો કે ન આપવો એ અદાલતની વિવેકાધીન સત્તા છે પરંતુ આ સત્તા નો ઉપયોગ પુરતા કારણો અને ન્યાયિક અને કાયદાકીય સિધ્ધાંતથી સમર્થનકારક હોવો જોઈએ. મનાઈહુકમ આપવાથી જો સામા પક્ષકાર મુશ્કેલીમાં મુકાઈ જાય તેવી સત્તાનો ઉપયોગ કરી શકાય નહી અને મનાઈ હુકમ માંગનારે પોતે હકીકત અને કાયદાકીય સિધ્ધાંતોથી મજબુત પ્રથમ દર્શનીય કેસ ધરાવે છે તે હકીકત પ્રાથમિક રીતે અદાલત સમક્ષ લાવવી જોઈએ એટલુ જ નહી પક્ષકારો વચ્ચેની તકરાર પણ શુધ્ધબુધ્ધિ પુર્વકની હોવી જોઈએ. કેટલીક વખત એવુ પણ બને છે કે બંને પક્ષકારો તરફથી સાચી હકીકત અદાલતના રેકર્ડ પર લાવવામાં આવતી નથી અથવા તો સાચી હકીકતોના બદલે તેમાં અતિશયોકિત અથવા ન્યુનતાપુર્વકની અથવા તો અધુરી વિગત અદાલતમાં રેકર્ડમાં લાવવામાં આવતી હોય છે. એવા સંજોગોમાં મનાઈ હુકમ આપવામાં આવે અથવા ન આપવામાં આવે ત્યારે સામા પક્ષકાર મુશ્કેલીમાં મુકાતા હોય છે. બલ્કે અન્ય દાવાદુવીના પ્રકરણો ઉપસ્થિત થાય છે અને કેટલીક વખત એવું પણ બને છે કે અદાલતમાં ન્યાયની માંગણી કરવા આવનાર પક્ષકાર ન્યાય મેળવવાના પ્રાથમીક તબકકે જ નિષ્ફળતા મેળવે છે અને તેના પરિણામે અન્ય દાવાદુવીના પ્રકરણમાં તેમને ઉતરવુ

પડે છે. પ્રથમ દર્શનીય કેસનો અર્થ એવો નથી કે માંગનારે એટલે કે વાદીએ તેનો કેસ સાબિત કર્યો છે. એટલે કે તેઓ ખુબ જ મુશ્કેલીમાં છે જેથી તેઓ હુકમ મેળવવા હકકદાર છે. પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવા માટે ભારતીય પુરાવાના સામાન્ય સિધ્ધાંતો સાથે સંબંધીત કાનુની પ્રબંધોથી એવી હકીકતોને અનુમોદન મળવુ જોઈએ. માત્ર પ્રથમ દર્શનીય કેસની હાજરી માત્રથી જ વાદી તેવો હુકમ મેળવી શકે નહી પણ ગંભીર નાણાંકીય નુકસાન કે જે વળતર આપવાથી પણ ભરપાઈ થઈ શકે તેમ નથી તેવું તેણે સાબીત કરવુ જોઈએ. તેની સાથે મનાઈહુકમ મેળવવા સિવાય બીજો વિકલ્પ નથી તેવું બતાવવુ પડે. વળી બંને પક્ષકારોની સરખામણી એ મનાઈહુકમથી કયા પક્ષકારને અગવડતા પડશે તે તરફે ધ્યાન દોરવાનો તેમનો પ્રયત્ન રહેવો જોઈએ. બીજો સિધ્ધાંત એવો છે કે મનાઈહુકમથી વાદીને તેઓના અધિકારો ઉપર જે તરાપ પડે છે તે તરાપ સામે તેને રક્ષણ આપવામાં ન આવે તો તેઓનો દાવો નિષ્ફળ જશે અથવા દાવાનો હેતુ માર્યો જશે તેથી તે ત્વરિત દાદ મેળવવા હકકદાર છે તેવું બતાવવુ પડે છે. આ પ્રકાર નું રક્ષણ આપવાથી સામાપક્ષને અથવા તો અન્ય બીજા કોઈપણ પક્ષને અન્યાય ન થાય તે પણ જોવાની અદાલતની ફરજ છે અને તે રીતે અદાલતે ન્યાયીક સંતુલન જાળવવાનું રહે છે.

(૧૧) ઉપરોકત સામાન્ય સિધ્ધાંતો સાથે બંને પક્ષે થયેલી દલીલો તથા કેસની હકીકત ધ્યાને લેવામાં આવે તો, સદર કામે વાદી તરફે એવી રજુઆત છે કે, સદર કામે માર્ક–૩/૧ થી ખાતા નં.૨૪૮ના ગામના નમુના નં.૮–અ ના ઉતારાની નકલ રજુ કરવામાં આવેલ છે અને માર્ક–૩/૨ થી રે.સ.નં.૪૭૭ ના ૭/૧૨ ના ઉતારાની નકલો રજુ કરવામાં આવેલ છે. જે સદર કામે દાવાવાળી તકરારી જમીન છે. આ રજુ રેવન્યુ રેકર્ડ જોતાં સદર દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડ આ કામના વાદીઓ તથા બારીયા મડીયાભાઈ જોખનાભાઈના સંયુકત નામે ચાલે છે. વાદીઓ તરફે એવી રજુઆત છે કે, આ બારીયા મડીયાભાઈ જોખનાભાઈ બિન ફરજંદ ગુજરી ગયેલ છે. સદર કામે વાદીઓ તરફે માર્ક–૩/૪ થી રજુ નોંધ નં.૩૫૨ વંચાણે લેવામાં આવે તો આ દાવાવાળી જમીન આ કામના વાદીઓ તથા બારીયા મડીયાભાઈ જોખનાભાઈને ગણોતીયા હકકે વારસામાં મળેલ છે. પ્રતિવાદીઓ તરફે એવી રજુઆત છે કે, પ્રતિવાદી નં.૨ ના પાલક અને જન્મ દાતા પિતા નાથાભાઈ ફતાભાઈ હતા પરંતુ બારીયા મડીયાભાઈ જોખનાભાઈ ને કોઈ સંતાન ન હોવાથી આ પ્રતિવાદી નં.૨ ને સને ૨૦૦૨ની સાલમાં દત્તક પુત્ર તરીકે લીધા હતા. પ્રતિવાદીઓ તરફે આ બાબતનુ લખાણની ઝેરોક્ષ નકલ સદર કામે માર્ક–૧૩/૧ થી રજુ છે. આ બાબત જોવામાં આવે તો, પક્ષકારો વચ્ચે એક તકરાર પ્રતિવાદી નં.૨ ના દત્તક બાબતે પણ છે. પ્ર. વાદીઓ તરફે પોતાની દલીલોમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામના પ્ર.વાદી નં.૨ હાલમાં

બારીયા મડીયાભાઈ જોખનાભાઈના મકામમાં રહે છે અને બારીયા મડીયાભાઈ જોખનાભાઈની જમીન ખેડે છે. સદર કામે વાદીઓ તરફે એવી રજુઆત છે કે, આ કામના પ્ર.વાદીઓ પૈસાપત્ર, જુથવાળા, રાજકીય વગ ધરાવતા માણસો છે અને તેઓ ધ્વારા મડીયાભાઈ જોખનાભાઈ ગુજરી ગયા બાદ પ્ર.વાદી નં.ર નાઓ ધ્વારા મડીયાભાઈએ અમોને દતક રાખેલ છે. જેથી, હુ તેમનો દત્તક પુત્ર છું અને મડીયાભાઈના ભાગની જમીન મારી છે, તે હું લેવાનો છુ. તેમ કહી બળજબરીથી દાવાવાળી જમીનમાંનો અમારો કબજો પડાવી લેવાની પેરવીઓ કરી રહેલ છે અને આ પ્ર.વાદીઓ એકબીજા સાથે મળી જઈ પ્ર.વાદી નં.ર નાઓના લાભ કરાવવાના ઈરાદે બળજબરીપુર્વક મડીયાભાઈના મકાનમાં ઘુસી ગયેલ છે અને તેનો આધાર લઈ દાવાવાળી જમીનમાં અમારો કબજો છે એવુ સાબીત કરવા માંગે છે. પ્ર.વાદીઓ ધ્વારા ખોટી રીતે દાવાવળી જમીનમાં ખોટો હકક ઉભો કરવા ગેરકાયદેસર પ્રવેશ કરી અમો વાદીઓના ખેતીના પાકને નુકશાન કરવાની ધમકીઓ આપી રહેલ છે. સદર કામે પ્રતિવાદીઓ તરફે માર્ક–૩૭/૧ થી ખાતા નં.ર૪૮ ના ગામના નમુના નં.૮–અ ના ઉતારાની નકલ રજુ કરવામાં આવેલ છે અને માર્ક–૩૭/ર થી રે.સ.નં.૪૭૭ ના ૭/૧ર ના ઉતારાની નકલો રજુ કરવામાં આવેલ છે. આ રજુ રેવન્યુ રેકર્ડ જોતાં સદર દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડ હાલમાં આ કામના વાદીઓ તથા બારીયા મડીયાભાઈ જોખનાભાઈ તથા બારીયા નાથાભાઈ ફતાભાઈના સંયુકત નામે છે. સદર કામે વાદીઓ તરફે એવી રજુઆત છે કે, માર્ક–૧૩/૧ થી રજુ કરેલ દસ્તાવેજમાં કોઈની સહી નથી પાછળથી અલગ કાગળ રજુ છે. તેમાં પણ પક્ષકારોની સહીઓ નથી. જેથી, આ દસ્તાવેજ શંકાસ્પદ દસ્તાવેજ છે. સદર કામે પ્રતિવાદીઓ તરફે એવી રજુઆત છે કે, પ્ર. વાદીઓ તરફે ત્રાહિત વ્યકિત તરીકે માર્ક–૩૬/૧ થી કોયાભાઈ સકજીભાઈ કટારા તથા માર્ક–૩૬/ર થી દિતાભાઈ સોમાભાઈ ભાભોરના સોગંદનામા રજુ કરેલા છે. આ વ્યકિતઓની સદર કામે માર્ક–૧૩/૧ થી રજુ આ કામના પ્રતિવાદી નં.ર ના દત્તક અંગેના લખાણમાં સહીઓ છે. આમ, આ કેસનુ રેવન્યુ રેકર્ડ જોતાં દાવાવાળી જમીન હાલમાં વાદીઓ તથા બારીયા મડીયાભાઈ જોખનાભાઈ તથા બારીયા નાથાભાઈ ફતાભાઈના સંયુકત નામે ચાલે છે તેથી આવી સંયુકત જમીન બાબતે વાદીઓને વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય નહી તથા સદર દાવાવાળી જમીનના કબજા બાબતે પણ વાદીઓ તરફે કોઈ સબળ પુરાવો રજુ કરેલ નથી. વાદીઓ તરફે એવી રજુઆત છે કે, વાદીઓએ જે વખતે હાલનો આ દાવો દાખલ કર્યો એ વખતનુ ટાઈટલ તથા તે વખતની પરિસ્થિતી ધ્યાને લેવા રજુઆત કરવામાં આવેલ છે. જેથી આ કામના વાદીઓએ હાલનો દાવો દાખલ કરતી વખતે માર્ક–૩/૧ થી ખાતા નં.ર૪૮ના

ગામના નમુના નં.૮–અ ના ઉતારાની નકલ રજુ કરવામાં આવેલ છે અને માર્ક–૩/૨ થી રે.સ.નં.૪૭૭ ના ૭/૧૨ ના ઉતારાની નકલ રજુ કરવામાં આવેલ છે. જે સદર કામે દાવાવાળી તકરારી જમીન છે. આ દાવો દાખલ કરતી વખતે વાદીઓ તરફે રજુ રેવન્યુ રેકર્ડ જોતાં પણ સદર દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડ આ કામના વાદીઓ તથા બારીયા મડીયાભાઈ જોખનાભાઈ ના સંયુકત નામે છે. જેથી, આ રેકર્ડ મુજબ પણ વાદીઓ દાવાવાળી જમીનના સ્વતંત્ર માલીક કે કબજેદાર હોવાનુ હાલના તબકકે જણાતુ નથી.

ઉપરોકત બંને પક્ષે રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા લખિત/મૌખિક રજુઆતો ધ્યાને લેવા માં આવે તો, સદરહુ દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડમાં વાદીઓ તથા બારીયા મડીયાભાઈ જોખનાભાઈ તથા બારીયા નાથાભાઈ ફતાભાઈના સંયુકત નામે ચાલે છે અને આ કામના પ્ર. વાદીઓ ધ્વારા ખોટી રીતે દાવાવળી જમીનમાં ખોટો હકક ઉભો કરવા ગેરકાયદેસર પ્રવેશ કરી વાદીઓના ખેતીના પાકને નુકશાન કરવાની ધમકીઓ આપી રહેલ છે. તેવી હકીકત પુરવાર કરવા માટે વાદીઓ તરફે કોઈ સચોટ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

જેથી, આ કામના પ્ર.વાદીઓ ધ્વારા ખોટી રીતે દાવાવળી જમીનમાં ખોટો હકક ઉભો કરવા ગેરકાયદેસર પ્રવેશ કરી રહેલાની હકીકત હાલના તબકકે રેકર્ડ વંચાણે લેતાં પુરવાર થતી ન હોઈ વાદીઓનો કેસ પ્રાઈમાફેશી છે તેવુ ગણી શકાય નહી. આ ઉપરાંત બેલેન્સ ઓફ કન્વીનીયન્સ જોવામાં આવે તો, આ કામે રજુ થયેલ પુરાવાઓ તથા મૌખિક દલીલો ધ્યાને લેતાં વાદીઓની તરફેણમાં હોવાનુ હાલના તબકકે જણાતુ નથી તેમજ જો માંગ્યા મુજબનો દરમ્યાન મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેવુ રેકર્ડ વંચાણે લેતાં જણાઈ આવતુ નથી.

(૧૨) ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતાં પ્રતિવાદીઓ દવારા એક–બીજાના મેળાપીપણામાં દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર રીતે પ્ર.વાદીઓ ધ્વારા ખોટી રીતે દાવાવળી જમીનમાં ખોટો હકક ઉભો કરવા ગેરકાયદેસર પ્રવેશ કરવાની પેરવી કરી રહેલાની હકીકત બાબતે હાલના તબકકે વાદીઓ તરફે કોઈ સચોટ પુરાવો રજુ કરેલ નથી. જેથી વાદીઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ જણાતો નથી તેવી જ રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં હોવાનુ જણાતું નથી અને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીઓને પારાવાર નુકસાન થાય તેવી સંભાવના જણાઈ આવતી નથી. તેથી વાદીઓ જયારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબીત કરી શકેલ ન હોઈ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં હોવાનું જણાઈ આવતુ ન હોઈ તેમજ માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીઓને પારાવાર

નુકસાન થાય તેવુ જણાઈ આવતુ ન હોઈ તે સંજોગોમાં મુદ્દા ક્રમાંક–૧, ૨ અને ૩ નો જવાબ નકારમાં આપી, મુદ્દા ક્રમાંક–૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) વાદીઓની આંક–૫ ની વચગાળાનો મનાઈહુકમ મેળવવાની અરજી ''**ના–મંજુર**'' કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગેનો હુકમ દાવાના આખરી હુકમને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૨૯ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ : સંજેલી**
**તા.૨૯–૦૯–૨૦૨૩**

**(રણજીત તળજાજી રબારી)**
**પ્રિન્સિપાલ સિવિલ જજ**
**સંજેલી.**
**કોડ નં. ૦૧૪૮૯**